REGISTERED NO. G.R.J.-24

©

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND
CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXX ] WEDNESDAY, 24th MARCH 1999 / CAITRA 3 1921 [NO 14

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

**PART–II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના નં.૮ (ઉમરવાડા) ફાઈનલની દક્ષિણે આવેલ ૨૪.૩૮ મીટરના રસ્તાના સ્થળાંતર કરવા તથા ફા.પ્લોટ નં.૧૪૪નો હેતુફેર કરવાના સંદર્ભમાં વેરીએશન કરવા બાબત.

### અધિસુચન

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં.૨૭) ની કલમ–૪૧ની જોગવાઈઓ મુજબ, સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧૮/૯૯, તા. ૧૫–૩–૯૯ થી ઠરાવ્યા મુજબ ભૂરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ફા.પ્લોટ નં. ૧૪૩ની દક્ષિણે આવેલ ૨૪.૩૮ મીટરના રસ્તાના સ્થળાંતર કરવા તેમજ સદરહુ રસ્તાની જગ્યા ફા.પ્લોટ નં. ૧૪૪ (ઓપન સ્પેસ) માં આમેજ કરી ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ ની કલમ–૪૦ (૩) (જે. જે.) હેઠળ ફા.પ્લોટ નં. ૧૪૪નો હેતુફેર કરી " કોમર્શીયલ ફોર સેલ " ના હેતુ માટે મુકરર કરવા ટી.પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા) માં વેરીએશન કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય ચાલુ ઓફીસ સમયમાં જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત. તા. ૨૩-૩-૯૯

કમિશનર
સુરત મહાનગરપાલિકા

ઠરાવ :-

મ્યુનિ. કમિશનરશ્રીના તા. ૧૮-૨-૯૯ ના પત્ર નં. સીમીસ/૮/૪૨ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કર્યા બાદ, ટી.પી. સ્કીમ નં.૮ (ઉમરવાડા), ફા. પ્લોટ નં. ૧૪૩ ની દક્ષિણે આવેલ ૨૪.૩૮ મીટરના રસ્તાને સ્થળાંતર કરવા તેમજ સદરહુ રસ્તાની જગ્યા ફા. પ્લોટ નં. ૧૪૪ ( ઓપન સ્પેસ ) માં આમેજ કરી, ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ ની કલમ-૪૦ (૩) (જે.જે.) હેઠળ ફા. પ્લોટ નં. ૧૪૪ ના હેતુફેર કરી " કોમર્શીયલ ફોર સેલ " ના હેતુ માટે મુકરર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ વેરીડ સ્કીમ તૈયાર કરવા ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચના મંજુર કરવાનું તથા સદર અધિસુચનને બે સ્થાનિક દૈનિક પત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા વેરીડ સ્કીમનો ઈરાદો જાહેર કર્યા મુજબ રાજય સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુનિ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧૮/૯૯ સર્વાનુમતે મંજુર

## સુરત મહાનગરપાલિકા

મોજે મગોબ-ડુંભાલની સુડાના પુનરાવર્તિત વિકાસ નકશા ૯૬માં " ટી-૧૩ ટ્રાન્સપોર્ટ ગોડાઉન અને માર્કેટીંગ યાર્ડ " ના રીઝર્વેશનવાળા વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૫૩ (મગોબ-ડુંભાલ) તૈયાર કરવા બાબત.

### અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૨૨ ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તા મંડળે તેના તા.૨૭-૧-૮૪ના ઠરાવ નં.૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે તથા સુડાના પત્રનં.સુડા/યુ-ક/૬૦૨, તા.૩-૨-૯૯ થી મોજે મગોબની સુડા વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉન માં અનામત હેઠળ આવતી જમીનોમાં નગર રચના યોજના તૈયાર કરવાની તેમજ અમલીકરણ કરવાની સઘળી સત્તાઓ સત્તા મંડળના બોર્ડના ઠરાવની અપેક્ષાએ તેમજ ઠરાવ અન્વયે સરકારશ્રીના આદેશોની અપેક્ષાએ આ કાર્યવાહી હાથ ધરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સોપવાનો નિર્ણય લીધાની જાણ કરેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં.૨૭) ની કલમ ૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧૭/૯૯, તાઃ૧૫-૩-૯૯ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૫૩ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મગોબ-ડુંભાલ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૫૩(મગોબ-ડુંભાલ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, મુગલીસરા, ચોકબજાર, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તા. ૨૩.૩.૯૯

<u>ઠરાવ :-</u>

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૧૮-૨-૯૯ ના પત્ર નં.સીમીસ/૮/૪૫ થી વિદિત થઈ તેમાં જણાવેલ સઘળી માહીતી ધ્યાને લઈ સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કર્યા બાદ, સુડાના પુનરાવર્તિત વિકાસ નકશા-૯૬ માં મોજે મગોબ-ડુંભાલની " ટી. ૧૩ ટ્રાન્સપોર્ટ ગોડાઉન અને માર્કેટીંગ યાર્ડ " ના સુરત મહાનગરપાલિકાના હેતુ માટેના રીઝર્વેશનવાળા વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૩ (મગોબ-ડુંભાલ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં બતાવેલ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) મુજબ ઈરાદો જાહેર કરવાનું અને તે અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તેમજ સદર અધિસુચનને સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજયપત્રમાં પસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે, મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં. ૧૭/'૯૯ સર્વાનુમતે મંજુર</u>

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITH IN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.